BAOU Education for All

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન

૫૫૦ થી વધુ સંસ્થાઓ જોડાઈ, યુનિવર્સિટી કક્ષાએ સંસ્કૃત કક્ષ સ્થાપનાર પ્રથમ સંસ્થા



(રખેવાળ) તા. 3-9-2026 **અમદાવાદ**

અમદાવાદ સ્થિત ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સહયોગથી તા. ૧ સપ્ટેમ્બરે સંસ્કૃતકક્ષનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય દિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન અને માનવવિદ્યા તથા સમાજશાસ્ત્ર વિભાગના નિયામક પ્રો. યોગેન્દ્ર પારેખના દિશાનિર્દેશ હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં શંખનાદ, દીપપ્રાગટ્ય અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સંસ્કૃતકક્ષનું મંગલ ઉદ્ઘાટન કરાયું હતું.સમારોહમાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાય, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ, કપડવંજ મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને પ્રો. યોગેન્દ્ર પારેખ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. યોગેન્દ્ર પારેખે સ્વાગત પ્રવચનમાં સંસ્કૃતકક્ષને યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં નવી જ્યોતિ ગણાવી હતી. કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે જણાવ્યું કે સંસ્કૃત માત્ર ભાષા નહીં, પરંતુ ભારતીય ઓળખ અને સંસ્કૃતિનું સશક્ત માધ્યમ છે. તેમણે કર્મચારીઓ અને આસપાસના નાગરિકો માટે ૨૦ દિવસનો નિઃશુલ્ક સંસ્કૃત સંભાષણ વર્ગ શરૂ કરવાની જાહેરાત કરી હતી તેમજ રામાયણ, વેદ અને પ્રાચીન વિરાસતના સ્થળોને સાંકળીને 'સંસ્કૃત ટુરિઝમ' વિકસાવવાનો વિચાર રજૂ કર્યો હતો. મુખ્ય અતિથિ હિમાંજય પાલીવાલે સંસ્કૃતમાં વક્તવ્ય આપતાં જણાવ્યું કે સંસ્કૃત ભવનનું સાચું નિર્માણ ઈંટોથી નહીં, પરંતુ ભાષાના સક્રિય સંભાષણ અને વિચારો દ્વારા થાય છે. તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરે દેશની એકતા અને અખંડિતતા માટે સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત સરકારની 'સંસ્કૃત કક્ષ' યોજનામાં ૫૫૦થી વધુ સંસ્થાઓ જોડાઈ હોવાનું જણાવી તેમણે વિશ્વવિદ્યાલય કક્ષાએ સંસ્કૃતકક્ષ સ્થાપનાર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને પ્રથમ ગણાવી હતી.

રખેવાળ | પેજ:2-3 | તારીખ:03 /09/2026